ગાંધીનગર સમાચાર

સે-૩૦ માં નવા સરકારી મકાનો બાંધવા માટે માર્ચમાં કામ શરૂ કરી દેવાશે

# ગાંધીનગર કેન્દ્રીય બજેટથી ખુશખુશાલ છે



મધ્યમ વર્ગ માટે બજેટમાં કરમુક્તિ મામલે અંશત : રાહત કરવામાં આવી છે. કરમુક્તિની દ્રષ્ટીએ ૨.૫૦ થી ૧૦ લાખ સુધી ટેક્સની ટકાવારીમાં સુધાર કરાયો છે. જેમાં ટેક્સ ઘટાડીને આ મર્યાદામાં ૫ ટકા વસુલાશે. આમ એકંદરે બજેટ મધ્યમવર્ગ માટે ઠીક છે. જયારે બજેટ વિકાસલક્ષી અને ગ્રામિણક્ષેત્ર માટે પણ યોગ્ય છે. ડેરી વિકાસ માટે ૮ હજાર કરોડ ફંડ ફાળવવામાં આવ્યુ છે. જયારે લોન ભરપાઈ નહીં કરનારાઓ માટે પણ સંપત્તિ જપ્ત કરવા સુધીના પણ પગલા લેવાનો પણ નિર્ણય લેવાયો છે. તે પણ આવકાર્ય છે. આર ઓ પ્લાન્ટ પણ સસ્તા થશે. જયારે કાર્પેટ એરિયા અને બિલ્ટઅપ એરીયા નુ ગુંચવાડુ પણ દુર કરાયુ છે. પ્રથમ દ્રષ્ટીએ આ બજેટ વિકાસ લક્ષી માલુમ પડે છે.

**હરિશ ત્રિવેદી - ટેક્ષ એડવોકેટ**



નોટબંધી બાદ રજુ થયેલુ આ બજેટ તદન નિરાશાજનક અને વાયદા બજાર જેવુ છે. દિશાવિહિન બજેટના લીધે આમ નાગરિકોની આશા પર પાણી ફરી વળ્યુ છે. કિસાનો અને મધ્યમવર્ગ પણ બજેટના લીધે દુખી છે. જયારે યુવાનો માટે પણ કોઈ ફોર્મ્યુલા નથી. શિક્ષણનિતીના નામે પણ મીંડુ છે. નોટબંધી અગાઉ કરમુક્તિમાં રૂ ૫ લાખ સુધીની રાહત અપાશે તેવી આશા પ્રબળ બની હતી. પરંતુ બજેટના અંતે આ આશા પર પાણી ફરી વળ્યુ છે. ટેક્સના માળખાનુ રીસ્ટ્રક્ચર થશે તેવી આશ પણ ઠગારી નિવડી છે. તત્કાલીન મુખ્યમંત્રી કોંગ્રેસના શાસનમાં જે યોજનાની ટીકા કરતા હતા તેને અમલ કરવાની વાતો બયાન થાય છે. બજેટના અંતે આમ નાગરિકોની મુઠ્ઠીમાં કાંઈ આવ્યુ નથી. પરંતુ અપેક્ષાઓનો ભાર હળવો થઈ ગયો છે.

**નિશીત વ્યાસ પ્રવક્તા પ્રદેશ કોંગ્રેસ**



બજેટે આમ નાગરિકોની આશ પર પાણી ફેરવી દિધુ છે. ટેક્સમાં પણ અપેક્ષા મુજબ કોઈ રાહત મળી નથી. નોટબંધીના અંતે આમ નાગરિકોની મીટ બજેટ તરફ મંડરાઈ હતી. પરંતુ બજેટના અંતે નાગરિકોનો ઉત્સાહ ઓસરી ગયો હોવાનુ બજેટ પરથી પ્રતિત થાય છે. કરમુક્તિના મામલે પણ કોઈ વિશેષ જાહેરાત બજેટના અંતે થઈ નથી. ટુંકમાં નાગરિકોની અપેક્ષા સંતોષાઈ હોવાનુ સ્પષ્ટ થતુ નથી.

**અરૂણ બુચ પ્રમુખ શહેર વસાહત મહામંડળ**



આજે રજુ થયેલા અંદાજપત્રમાં કરમુક્તિ મામલે વિશેષ મીટ માંડીને બેઠેલા નગરજનોની આશ ફળી છે. બજેટમાં ૨.૫૦ લાખથી ૫ લાખ સુધી ટેક્ષમાં ૫ ટકાની રાહત આપવામાં આવી છે. જેના લીધે આમ નાગરિકોમાં અંશત : રાહતનો અનુભવ થયો છે. જયારે ખાસ કરીને કર્મચારીઓમાં ખુશીનુ મોજુ જોવા મળી રહયુ છે.

**કાર્તિક પટેલ (કોર્પોરેટર, મનપા)**



બજેટ સર્વગ્રાહી અને વિકાસલક્ષી છે. તેમણે વ્યક્તીગત આવક ૨.૫૦ લાખથી વધુ પણ પાંચ લાખથી ઓછી હોય તેમાં ટેક્ષના દરમાં પાંચ ટકાની રાહત આપી છે તે આવકાર્ય પગલુ છે. આ ઉપરાંત નવા કરદાતાઓ માટે એક પાનાનું રિટર્ન બનાવવાની વાત પણ સારી બાબત છે.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રિઝમટીવ ટેક્ષશન બાબતે પણ સરકારે સારો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત નાની કંપનીઓ જે ૫૦ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા હોય તમના ટેક્ષના દરમાં જે રાહત આપી છે તે પ્રોત્સાહક છે.

કેપીટલ ગેઈન ટેક્ષ ઓછો કરવા માટેની દિશામાં પણ જે પગલાં અંદાજપત્રમાં સૂચવવામાં આવ્યા છે તે સૌથી આવકારદાયક પગલું છે.

**- બ્રિજેશ ઠાકર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**



ધુમ્મસ - શિયાળાની સવારે ધુમ્મસ ભર્યા વાતાવરણથી રાહદારીઓને પણ ક્યારેક અસુવિધા થાય છે... જોકે ગાંધીનગરમાં પ્રાકૃતિક વૈભવને કારણે વારંવાર ધુમ્મસના દ્દશ્યો સર્જાય છે... વહેલી સવારે રોજીંદી કામગીરી માટે અવરજવર કરતા શ્રમિકો અને મૉર્નિંગ વૉકર્સને ધુમ્મસ માણવાનો લ્હાવો મળે છે...

# ગુજરાતને એમ્સની ફાળવણી બદલ મુખ્યમંત્રીએ આભાર વ્યક્ત કર્યો

**સર્વાંગી વિકાસ અને કલ્યાણલક્ષી બજેટ : દેશના દરેક લોકો ખ્યાલ બજેટમાં રખાયો : સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર સાકાર થાય છે : રૂપાણી**

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારના નાણામંત્રી અરૂણ જેટલીએ રજુ કરેલા અંદાજપત્રને કૃષિ અને ગ્રામવિકાસને વેગ આપનારૂ, યુવાનો માટે રોજગારીની તકો વધારનારુ તથા ગરીબ અને સામાન્ય નાગરિકો માટે વિકાસની નવી તક ખોલનારુ લોકરંજક બજેટ ગણાવ્યું છે. આ બજેટમાં દેશના હરેક નાગરિકનો ખ્યાલ રાખવામાં આવ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું કે, આ એવુ જનહિતકારી બજેટ છે જે ગરીબ, ગામડુ, કિસાન, વંચિત, શોષિત, પછાતવર્ગો સહિત બધા માટે સૌનો સાથ સૌનો વિકાસ સાકાર કરે છે. મુખ્યમંત્રીએ નાણામંત્રી અરૂણ જેટલીજીએ રજુ કરેલા આ અંદાજપત્ર ઢાંચાગત માળખાકીય સુવિધાઓ વિકાસ માટે ફાળવાયેલુ માતબર ભંડોર યુવાવર્ગો માટે નવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૨૫ ગામો આજે પણ નર્મદાનું પાણી ખરીદતા નથી

**તંત્ર દ્વારા આ ગામોના સરપંચો સાથે બેઠક કરવામાં આવી રહી છે અને તેમને આ પાણીથી થનારા લાભ અંગેની જાગૃતિ દાખવવા અપીલ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે પણ ૧૨૫ જેટલા ગામો નર્મદાનું પાણી લેતા નથી અને આ ગામો નર્મદાનું પાણી લેતા થાય તે માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગરના ૪૨, માણસાના ૪, કલોલના ૩૩ અને દહેગામના ૪૬ ગામો એવા છે જે ગામો આજે પણ નર્મદાનું પાણી લેતા નથી. તંત્ર દ્વારા આ ગામોના સરપંચો સાથે બેઠક કરવામાં આવી રહી છે અને તેમને આ પાણીથી થનારા લાભ અંગેની જાગૃતિ દાખવવા અપીલ કરવામાં આવી રહી છે.

જિલ્લો ઓવર એક્સપ્લોઈરેશન કેટેગરીમાં આવે છે ત્યારે નર્મદાનું પાણી આ જિલ્લાના ગામો મેળવે તે માટે આખુ પાઈપલાઈન નેટવર્ક પણ તૈયાર કરી દેવાયું છે. પહેલાં આવા ગામોની સંખ્યા ૨૦૦ જેટલી હતી પરંતુ તંત્રનો તેમાં મક્કમ કામગીરીને પગલે સારી એવી સફળતા મળી છે.

જિલ્લામાં પેયજળની ગુણવત્તાને લઈ છેલ્લા દસકામાં ચોંકાવનારી હકીકતો બહાર આવી હતી પરંતુ આ પછી સારા વરસાદને પગલે ભૂતળના જળની સ્થિતિ સુધરી હોવાથી ગ્રામજનો સ્થાનિક સ્ત્રોત પર વધુ આધાર રાખી રહ્યાનું જણાયું છે.

એક તબક્કે તંત્ર દ્વારા આ પાણી ગ્રામજનો લેતા થાય તે માટે રાહત આપતો ઠરાવ પણ પાણી સમિતિની બેઠકમાં રજુ થયો હતો. તત્કાલીન જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે આ અંગે પહેલ કરી હતી. આ ઉપરાંત તેમણે આ પહેલના સ્વરૂપે જિલ્લાના સરપંચો સાથે એક બેઠક પણ ગાંધીનગર ખાતે યોજી હતી જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં બારમાસી નદીનો પ્રવાહ નથી અને ઓવર એક્સપ્લોઈરેશન થતુ હોવાથી ભૂગર્ભ જળનો પ્રવાહ ઝડપથી નીચે ઉતરી રહ્યો છે. સરકારે ભૂગર્ભ જળની સપાટી જિલ્લામાં જળવાઈ રહે તે માટે સંત સરોવરની યોજના પણ બનાવી છે. આ ઉપરાંત માણસામાં લાકરોડા વીયર પણ બનાવવામાં આવેલ છે.



લીલી-કાળી દ્રાક્ષ - શિયાળામાં આરોગ્યવર્ધક લીલી-કાળી દ્રાક્ષ બજારમાં ભરપૂર માત્રામાં જોવા મળે છે... દ્રાક્ષ આરોગ્ય વર્ધકની સાથે સાથે શક્તિવર્ધક પણ છે... એટલે જ બપોરના ભોજન પછી દ્રાક્ષના સેવનનો મહિમા આપણી સંસ્કૃતિમાં જોવા મળે છે...

# જાણીતા ઉદ્યોગપતિ ભાનુભાઈ પટેલનું અકસ્માતે દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ઓમ્ની લેન્સના ચેરમેન અને અમદાવાદ મર્કન્ટાઈલ બેંકના ચેરમેન ભાનુભાઈ પટેલનું અકસ્માતે દુઃખદ અવસાન થવા પામ્યું છે.



આજે તેમના નિવાસસ્થાનથી નીકળેલી અંતિમ યાત્રામાં શહેરના આગેવાનો અને જીઆઈડીસી વિસ્તારના ઉદ્યોગકારો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેઓના અવસાનની જાણ મિત્ર વર્તુળ અને ઉદ્યોગ જગતમાં ફેલાતા સમગ્ર નાગરીકોમાં દુઃખની લાગણી ફેલાઈ જવા પામી હતી. ભાનુભાઈ પટેલ તેમના સરળ અને સાલસ સ્વભાવને કારણે મિત્રવર્તુળ અને ગાંધીનગર ઉદ્યોગ જગતમાં આગવુ સ્થાન ધરાવતા હતા. તેમના અચાનક અવસાનથી તેમનો પરિવારમાં શોકની કાલીમાં છવાઈ જવા પામી છે. જ્યારે ગાંધીનગર શહેરના ઉદ્યોગ ગજતને તેમના અચાનક અવસાનથી ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓ અમદાવાદ મર્કન્ટાઈલ બેંકમાં ચેરમેન પદે પણ સેવાઓ આપી હતી.

# સે-૩૦ માં નવા સરકારી મકાનો બાંધવા માટે માર્ચમાં કામ શરૂ કરી દેવાશે

**અંદાજિત ૮૦ કરોડનો ખર્ચ થશે : કોર્પોરેટ લુક ધરાવતા ૩૩૬ મકાનો બાંધવામાં આવશે**

ગાંધીનગર તા ૧

શહેરમાં નિકાલ હેઠળના મકાનોના સ્થાને નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. જો કે આ યોજના અન્વેય સે-૭ અને સે-૨૯ માં આવાસ નિર્માણની ૭૦ ટકા કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે ટુંકમાં હવે સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવાશે. અંદાજિત રૂ ૮૦ કરોડના ખર્ચે નવા ૩૩૬ મકાનો બનશે.

શહેરમાં સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જયારે નિકાલ હેઠળના સરકારી મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. નિકાલ હેઠળના સરકારી મકાનો તોડી નંખાયા બાદ હાલ આ ઠેકાણે નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જો કે આ કામગીરી હાલ ૭૦ ટકા જેટલી પુર્ણ થઈ ગઈ છે. જયારે આગામી જુલાઈ મહીના સુધીમાં આવાસ યોજના તૈયાર થઈ જશે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના મકાનો ખંડેર હાલતમાં હોવાથી હજુ પણ નવા આવાસોનુ નિર્માણ કરવાની અનિવાર્યતા છે. ત્યારે સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. સે-૩૦ માં અંદાજિત ૩૩૬ નવા મકાનો બનાવાશે. જયારે આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી હોવાથી આગામી માર્ચ મહીનામાં કામ પણ શરૂ કરી દેવાશે.

સરકારી આવાસોને કોર્પોરેટ લુક આપવામાં આવશે આવાસોને અનુલક્ષી જરૂરી લેન્ડ સ્કેપીંગ તેમજ પાર્કીંગ અને કમ્પાઉન્ડ વોલ પણ બનાવાશે. આ ઉપરાંત આંતરિક રસ્તાઓનુ પણ નિર્માણ કરાશે. સે-૭ અને સે-૨૯ માં હાલ સરકારી આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આગામી જુલાઈ મહીના સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે. જેમાં ૫૨૮ જેટલા મકાનો બાંધવામાં આવશે. નવી આવાસ યોજના તૈયાર થઈ જતા આવાસોની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે.

# કામધેનુ યુનિ.ના સંશોધન ભારતમાં મોખરે : કોહલી

**ગાંધીનગરમાં કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન યોજાયો**

ગાંધીનગર, તા.૧

રાજયપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે, ભારત એ કૃષિ પશુપાલન પ્રધાન દેશ છે ત્યારે રાજયના યુવાનો કૃષિ અને પશુપાલન ક્ષેત્રે મેળવેલ અભ્યાસથી નવીનતમ સંશોધનો દ્વારા રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને તે અત્યંત અનિવાર્ય છે. આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના તૃતિયા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં રાજયપાલએ ઉમેર્યું હતું કે, રાજય સરકાર દ્વારા ડેરી, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરાઈ છે તેણે અઢીવર્ષના ટૂંકાગાળામાં રાષ્ટ્રીયસ્તરે નામના પ્રાપ્ત કરી છે તે ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું કે, દેશ અર્થ વ્યવસ્થામાં કૃષિ પશુપાલન વ્યવસાયનો હિસ્સો સૌથી મોટો છે ત્યારે આ ક્ષેત્રે વધુ સંશોધનો આ કામધેનુ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા રાજયભરમાં પશુઓ માટે ઈ-એનીમલ હેલ્થકાર્ડ ઝુંબેશ હાથ ધરીને પુરા પાડ્યા છે તે દેશભરમાં પ્રશંસનીય કામગીરી બની રહી છે. દુધ ઉત્પાદન ક્ષેત્રે પણ ભારતનું સ્થાન આગળ પડતું રહ્યું છે, ત્યારે ડેરી ઉદ્યોગ ક્ષેત્રે પણ સંશોધનો સાથે દુધની ઉત્પાદકતા વધે તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરવા જરૂરી છે.

**જોઈએ છે**
રિસેપ્શનિસ્ટ / એક્સ-રે ટેકનીશીયન, ગાંધીનગરના રેડીયોલોજી સેન્ટર માટે, અનુભવીને પ્રાથમિકતા આપવામાં આવશે.
**મળવાનો સમય**
**સાંજે ૫ થી ૬ વાગ્યાની વચ્ચે**
બાયોડેટા અને સર્ટિફિકેટ સાથે આવવું.
**સંપર્ક : ૯૯૭૯૮ ૮૮૮૫૨**













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com